અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી
જાતી તથા વિમુકત જાતિઓ માટે વ્યકિતગત
ધોરણે મકાન સહાયની યોજના...

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક: એનટીડબલ્યુ/૧૨૮૨/૧૩૪૫૭(પાર્ટ)જ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩-૬-૮૩.

વંચાણે લીધા :- (૧) સ.ક. અને આ.વિ.વિ.ના ઠરાવ ક્રમાંક:
એસસીડબલ્યુ/૧૨૮૦/૮૨૨૧૭(૫૩૦૭)જ,
તા. ૨૨-૧-૮૧.
(૨) સ.ક. અને આ.વિ.વિ. નો સુધારા ક્રમાંક:
એસસીડબલ્યુ/૧૨૮૧/૫૦૫૦૮(૩૨૯૩)જ,
તા. ૫-૭-૮૨.
(૩) નિયામકશ્રી, સ.ક. અમદાવાદ નો પત્ર નં.સક/
યોજના/૭૩-૩/૭૦૩ તા. ૪-૧૦-૮૨.

ઠ રા વ : -
-૦-૦-૦-

આમુખમાં જણાવેલ તા. ૨૨-૧-૮૧ ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકોને તથા તા. ૫-૭-૮૨ ના સુધારાથી અનુસૂચિત જનજાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણે સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૧. રૂા. ૧૨૫૦- લોન (વ્યાજમુકત)
૨. રૂા. ૧૨૫૦- સબસીડી
૩. રૂા. ૫૦૦-લાભાર્થીઓનો શ્રમફાળો.
-:-:-:-:-:-:-:-:-:-
કુલ રૂા. ૩૦૦૦/-
-:-:-:-:-:-:-:-

૨. તા. ૫-૭-૮૨ ના સુધારાથી વિચરતી તથા વિમુકત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે ફકત રૂા. ૧૨૫૦ /- ની સબસીડી આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૩. અનુસુચિત જાતિ/જનજાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે જે પ્રમાણે નાણાંકીય સહાય આપવામાં આવે છે. તે પ્રમાણે વિચરતી અને વિમુકત જાતિના લોકોને પણ મકાન બાંધકામ માટે નાણાંકીય સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

વિચારણાને અંતે વિચરતી અને વિમુકત જાતિના લોકોને પણ ઉપર મુજબ નાણાંકીય સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આમ હવે અનુસૂચિત જાતિ / જનજાતિ વિચરતી જાતિ તથા વિમુકત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાયની યોજના હેઠળ નીચે પ્રમાણે સહાયનું ધોરણ રહેશે.

૧. રૂા. ૧૨૫૦ /- વ્યાજમુકત લોન.
૨. રૂા. ૧૨૫૦ /- સબસીડી
૩. રૂા. ૫૦૦/- લાભાર્થીઓનો શ્રમફાળો.

-:-:-:-:-:-:-:-:-:-

કુલ રૂા. ૩૦૦૦ /-

ઉપર મુજબની નાણાંકીય સહાય આ ઠરાવ સાથેના બીડાણમાં જણાવેલ શરતો પ્રમાણે આપવાની રહેશે. આ શરતો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી અને વિમુકત જાતિ દરેકને મકાન બાંધકામ માટેની નાણાંકીય સહાય માટે લાગુ પડશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-૨૮૮ "સોશ્યલ સીકયોરીટી એન્ડ વેલ્ફેર-સી વેલ્ફેર ઓફ એસસી.એસટી એન્ડ ઓબીસી-બી. વેલ્ફેર ઓફ શીડયુલ્ડ કાસ્ટસ-સી વેલ્ફેર ઓફ શીડયુલ્ડ ટ્રાઇબ્સ'' હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ પરની

નાણાકીય સલાહકારશ્રીની તા. ૩૦-૩-૮૩ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એલ.કુરેશી)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, અમદાવાદ.
૨. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.
૩. મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ / રાજકોટ
૪. સર્વે સમાજ કલ્યાણ અધિકારીઓ ( પંચાયત)
૫. સર્વે પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ
૬. વિભાગની 'બ' શાખા
૭. પસંદગી ફાઇલ.

વીજી.

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩-૬-૮૩ ના

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-: :-:-:-:-:-:-:-

ઠરાવ ક્રમાંક: એનટીડબલ્યુ/૨૮૨/૩૪૫૭(૫૧૦) જ સાથેનુ

-:-:-: :-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

બિડાણ :-

-:-:-:-

શ ર તો :-

-૦-૦-૦-

૧: આ યોજના હેઠળ જે વ્યક્તિ લોન ન મેળવીને ફક્ત સહાય જ મેળવવા અરજી કરે તો તેઓએ યોજનાના ઢાંચા મુજબ રૂા. ૩૦૦૦/- ના બાંધકામનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨: બાંધકામ શરૂ કરતાં પહેલાં લોનની ૧૦૦ % રકમ રૂા. ૧૨૫૦/- લાભાર્થીઓને ચુકવવી.

૩: સબસીડીની ૫૦ % રકમ રૂા. ૬૨૫/- મકાનનું બાંધકામ રૂફ લેવલ સુધીનું પુરું થાય ત્યારે પ્રમાણપત્રના આધારે ચુકવવી.

૪: સબસીડીની બાકીની ૫૦ % રકમ રૂા. ૬૨૫/- મકાનનું બાંધકામ પુરેપુરું થઇ ગયા પછી પ્રમાણપત્ર રજુ કર્યા પછી ચુકવવી.

૫: મકાનનું બાંધકામ લોનની રકમ પ્રથમ ચુકવ્યા પછીના એક વર્ષમાં પુરું કરવાનું રહેશે.

૬: વિચરતી અને વિમુક્ત જાતિઓના કિસ્સામાં લાભ લેનાર લાભાર્થીએ તેમના સ્થાયીપણાની ખાતરી કર્યા પછી જ આ યોજના હેઠળ લાભ આપવાનો રહેશે.

૭: આ યોજના હેઠળ આવકમર્યાદાનું ધોરણ વાર્ષિક રૂા. ૪૨૦૦/- નું રહેશે.

..૨..

લોનની રકમ પરત કરવા અંગે..

-o-o-o-o o-o oo-o-o-o-o-o-

શરતો :-

-o-o-o-o-

૧: લોન મળ્યા પછીના મહીનાથી માસિક રૂા. ૨૫ /- ના સરખા હપ્તે કુલ ૫૦ હપ્તામાં લોન વસુલ કરવાની રહેશે.

૨: લોનના હપ્તા નિયમિત નહીં ભરનાર લાભાર્થી પાસેથી ૨ % દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે.

૩: મકાન બાંધકામ માટે અન્ય કોઈ યોજના હેઠળ લાભ લેનાર વ્યકિત આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર રહેશે નહીં.

૪: નિયત સમયમાં મકાનનું બાંધકામ પૂર્ણ નહીં કરનારની અને લોનના હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી રેવન્યુ રાહે વસુલાત લેવામાં આવશે.

વીબી.